# પત્રક ભાગ-૨

# પંદરમી ગુજરાત વિધાનસભા

## ગુરુવાર, તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬

### ૩૦૭.વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપવા બાબત.

વિધાનસભાના સત્રના પ્રારંભે પ્રથમ દિવસે વંદે માતરમ ગાન અંગે ગૃહમાં પ્રણાલી છે. તદ્નુસાર નવમા સત્રના પ્રથમ દિવસે તા.૯/૯/૨૦૨૬ના રોજ અધ્યક્ષસ્થાનેથી માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં સૌને વંદે માતરમ ગાન માટે પોતાના સ્થાને ઉભા થવાની સૂચના આપેલ હતી. સભાગૃહમાં હાજર સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા (૫૨-જમાલપુર-ખાડીયા) સહિત તમામ સભ્યશ્રીઓ વંદે માતરમ ગાન માટે પોતાના સ્થાન ઉપર ઉભા થયા હતા અને વંદે માતરમના બે અંતરાના ગાન બાદ સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા વંદે માતરમ ગાન ચાલુ હતુ તે દરમ્યાન પોતાના સ્થાન ઉપર બેસી ગયા હતા તા.૧૦/૯/૨૦૨૬ના રોજ  નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ આ બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા વંદે માતરમનું ગાન ચાલુ હતુ તે દરમ્યાન પોતાના સ્થાન ઉપર બેસી ગયા હતા અને આમ કરીને તેમણે વંદે માતરમ ગાનનું અપમાન અને આ સભાગૃહનું અવમાન કર્યું છે, તેમજ માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો પણ અનાદર કરેલ છે અને ગૃહની ગરીમાને ઠેસ પહોંચે તેવું કૃત્ય કર્યું છે જેથી તેમની સામે વિશેષાધિકાર ભંગ કે અન્ય ઉપાયાત્મક પગલા લઇ ભવિષ્યમાં કોઇ આવું કૃત્ય કરે નહિ તે માટે તેમની સામે પગલાં લેવા જોઇએ. અને આ બાબતમાં યોગ્ય નિર્ણય આપવા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ દરખાસ્ત કરી હતી. પોઇન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને માનનીય સભ્યશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તેમજ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમિતભાઇ ચાવડા, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર તથા સભ્યશ્રી જિગ્નેશ મેવાણીએ તેમના મંતવ્યો વ્યકત કર્યા હતા.

Prevention of insults to national honor Amendment Act 2026 દ્વારા ૧૯૭૧ના કાયદામાં ભારતની સંસદ દ્વારા એક મહત્વનો સુધારો પસાર કરવામાં આવેલ છે જેના અંતર્ગત વંદે માતરમ ગાનને ભારતના રાષ્ટ્રગાન જન ગણ મન સમક્ષ સ્થાન આપ્યું છે

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડર પર પોતાનો નિર્ણય હવે પછીથી જાહેર કરશે તેમ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

જયારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર સભાગૃહ સમક્ષ ઉપસ્થિત કર્યો ત્યારે સભ્યશ્રી ઈમરાનભાઈ ખેડાવાલા સભાગૃહમાં હાજર ન હતા. પરંતુ તેઓએ મીડિયા સમક્ષ વંદેમાતરમ ગાન દરમ્યાન ગૃહમાં બેસી જવા સંબંધમાં બાઇટ આપેલ હતી. સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ સંસદીય શિષ્ટાચાર અને ગૃહમાં વર્તણૂંકના પ્રસ્થાપિત ધોરણોનો ભંગ અને ગૃહનું અવમાન કર્યું હોવાનું પ્રથમદર્શી જણાતા તા.૧૧/૯/૨૦૨૬ના રોજની વિધાનસભાગૃહની બેઠકમાં માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર પરનો પોતાનો નિર્ણય આપતા સભ્યશ્રી ઈમરાનભાઈ ખેડાવાલાના આ કૃત્યની તપાસ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૫૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને સોંપવા અંગેના પોતાના નિર્ણયની જાહેરાત કરી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ચેતન પંડયા**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**